A **Summary**

of the Thesis to be Submitted for

**Ph. D. Degree in Gujarati**

The Maharaja Sayajirao University of Baroda, Vadodara

*** Title ***

# "Dreamreality in Postindipandance Gujarati novels – A Critical study"

**"સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવ: એક અભ્યાસ"**

**Presented By**
Rana Jignaba Ajitsinh
Assistant Professor,
Govt. Arts College Vallabhipur
Vallabhipur

**Under the Guidance of**
Dr. Bharat Pandya
Associate Professor,
Department of Gujarati
Faculty of Arts

Department of Gujarati
Faculty of Arts
The Maharaja SayajiraoUniversity of Baroda
Vadodara

**December, 2019**

મારા શોધ નિબંધનો વિષય છે 'સ્વતંત્ર્યોત્તર ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવઃ એક અભ્યાસ. પ્રસ્તુત શોધ નિબંધને અગિયાર પ્રકરણમાં વિભાજીત કરવામાં આવ્યો છે. પ્રથમ પ્રકરણમાં' વાસ્તવ શબ્દની વ્યાખ્યા આપી વાસ્તવના પ્રકારો વિશે ચર્ચા કરી છે જેમાં વાસ્તવના એક પ્રકાર મનોવૈજ્ઞાનિક વાસ્તવ વિશે વિસ્તારથી ચર્ચા કરી મનના અને ચેતનાના સ્તર વિશે વિગતે વાત કરી છે. માણસના મનમાં રહેલ સંકુલ લાગણીઓ વિવિધ પ્રયુક્તિ દ્વારા પ્રગટ થતી હોય છે જેમાંની એક પ્રયુક્તિ એટલે સ્વપ્નવાસ્તવની પ્રયુક્તિ.

માનવમનની ચેતના સ્વપ્નમાં કેવી રીતે પ્રગટ થાય છે તે જોવા સ્વપ્ન શબ્દની સંજ્ઞા વિભાવનાને પ્રથમ સ્પષ્ટ કરવામાં આવી છે. ત્યાર બાદ સ્વપ્ન અંગે વિવિધ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો, સ્વપ્ન પ્રક્રિયા અને સ્વપ્નના પ્રકારો વિશે વિગતો તપાસવામાં આવી છે. સ્વપ્ન વિશે વિવિધ દેશ-પ્રદેશ અને ધર્મોમાં શું માન્યતા રહી છે તે પણ જોવામાં આવી છે. આમ સ્વપ્ન અને વાસ્તવ બન્ને સંજ્ઞા સ્પષ્ટ કર્યા બાદ આ સ્વપ્નવાસ્તવ પ્રયુક્તિ વિવિધ કળામાં અને ખાસ કરીને સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં કેવી રીતે પ્રયોજાઈ છે તે જોવાનો પ્રયત્ન કર્યો છે.

કથા સાહિત્યમાં ખાસ કરીને વાર્તા અને નવલકથામાં ઘટનાના તિરોધાનનો હેતુ માનવમનની સંકુલ લાગણીઓ પ્રગટ કરવાનો છે. નવલકથામાં જ્યારે આ સ્વપ્ન પ્રયુક્તિનો વિનિયોગ થાય છે ત્યારે આ સ્વપ્ન પ્રયુક્તિ નવલકથાના કોઈ એકમાત્ર ઘટક સાથે નહિ પરંતુ સમગ્ર વસ્તુસંકલના અર્થે પ્રયોજાય છે. નવલકથાના તમામ ઘટકો સાથે તેનું વિશિષ્ટ સંયોજન સંધાય છે. ક્યારેક સ્વપ્ન આ ઘટક તત્ત્વો પર અસર કરે છે તો ક્યારેક આ ઘટક તત્ત્વો સ્વપ્નને અસર કરતા હોય છે. આ અસર તળે બંનેમાં જરૂરી ફેરફાર આવતા હોય છે.

આ સ્વપ્ન વાસ્તવ નવલકથામાં કેવા નવા ઉન્મેશો લાવે છે એ તપાસવા માટે સ્વતંત્રતા પૂર્વેની બે નવલકથા 'સરસ્વતીચંદ્ર' અને 'સાચાં સમણાં'ની પસંદગી કરી છે. આ સ્વતંત્રતા પૂર્વેની નવલકથાને બીજા પ્રકરણમાં સમાવવામાં આવી છે. ત્યારબાદ પ્રકરણ ત્રણથી નવમાં અનુક્રમે 'પેરેલિસિસ',

'મહાભિનિષ્ક્રમણ', 'સ્વપ્નતીર્થ', 'નિશાચક્ર', 'મોહનિશા' અને 'રિક્તરાગ' અને 'સુરા, સુરા, સુરા'માં રજૂ થયેલ સ્વપ્નોને પ્રથમ પ્રકરણના સિદ્ધાંત આધારે તપાસવામાં આવ્યા છે.

આધુનિક નવલકથા પરંપરાના બધાં જ રૂઢ બંધનો તોડી તેની કચરણ પર માનવમનની સંકુલતાઓને જીલે છે. અરૂઢ ભાષા-શૈલી, આશ્ચર્યજનક તો ક્યારેક બીભત્સ લાગતા વર્ણનો, ચમત્કારિક પ્રતીકો, કટાક્ષ તો ક્યાંક જુગુપ્સા પ્રેરક વાતાવરણ દ્વારા નવલકથાનો સર્જક માનવમનના અતલ પ્રદેશમાં ડોકિયું કરવાનો પ્રયાસ કરે છે.

આ  નવલકથામાં દરેક વખતે સ્વપ્ન પ્રયુક્તિ મુખ્ય પ્રયુક્તિ તરીકે કાર્ય કરતી નથી. આધુનિક યુગની આ નવલકથામાં સ્વપ્નના કારણો મનોવૈજ્ઞાનિક છે અને તેને કારણે નવલકથામાં એક મનોવૈજ્ઞાનિક વાતાવરણ ઊભું કરવા આ સ્વપ્ન પ્રયુક્તિ સફળ નીવડે છે. આ સ્વપ્નો વાતાવરણની સાથે નવલકથાના પાત્રનું ચિત્રણ કરવામાં પણ સહાયક બને છે. આ નવલકથાઓમાં રજૂ થતા સ્વપ્નોમાં પાત્રની મનોદશા પ્રગટ કરવા સ્વપ્ન પ્રતીકોનો ઉપયોગ થયો છે. જેમાં મોટેભાગે દૃશ્ય પ્રતીકો છે. થોડે અંશે શ્રાવ્ય, ઘ્રાણ, સ્વાદ અને સ્પર્શ ઇન્દ્રિયને અસર કરતા પ્રતીકો રજૂ થયા છે. આ બધી જ પ્રક્રિયામાં અંતે આ સ્વપ્નો કથામાં કોઈને કોઈ અંશને સહાયક નીવડે છે. પરંતુ આ મનોવૈજ્ઞાનિક નવલકથા તરંગોમાં ચાલતી હોવાથી તેની અરૂઢ શૈલીને કારણે એક નિશ્ચિત વર્ગથી આગળ વધી શકી નથી.